# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

1) અવકાશમાંથી પરત ફરેલા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મરનો 45 દિવસનો પુનઃવસન કાર્યક્રમ શરૂ
2) રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રીએ સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મરને અભિનંદન પાઠવ્યાં
3) મહારાષ્ટ્રના નાગપુરમાં સ્થિતિ નિયંત્રણમાં, ખુલ્દાબાદના ઔરંગઝેબના મકબરા પર સલામતીની ચુસ્ત વ્યવસ્થા
4) પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં તકેદારીના ભાગરૂપે ત્રણ યુનિવર્સિટીઓએ કેમ્પસમાં વર્ગો બંધ કરીને વર્ચ્યુઅલી અભ્યાસ શરૂ કરાવ્યો
5) ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ - 2025 માટે ગીત, માસ્કોટ અને લોગો લોન્ચ કરાયાં

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ASTRONAUTS - REHABILITAION PREZ - NASA

નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર માટે નવ મહિના અવકાશમાં વિતાવ્યા પછી પૃથ્વીના ગુરુત્વાકર્ષણને અનુકૂલિત થવામાં મદદ કરવા માટે 45 દિવસનું પુનર્વસન શરૂ થયું છે.

આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર તેમના લાંબા રોકાણ પછી, અવકાશયાત્રીઓ હવે લાંબા સમય સુધી વજનહીનતાની અસરોનો સામનો કરવા માટે ત્રણ તબક્કાના  શારીરિક પુનર્વસનમાંથી પસાર થશે.

સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી માનવ શરીર માટે અનેક પડકારો ઊભા થાય છે, જેમાં વજનમાં ઘટાડો એરોબિક ક્ષમતા, સ્નાયુ શક્તિ, સહનશક્તિ, સંતુલન, સંકલન, હાડકાની ઘનતા અને ન્યુરો-વેસ્ટિબ્યુલર કાર્યનો સમાવેશ થાય છે. આ અસરોનો સામનો કરવા માટે, અવકાશયાત્રી શક્તિ, કન્ડીશનીંગ અને પુનર્વસન (ASCR) નિષ્ણાતોએ અવકાશયાત્રીઓના શારીરિક સ્વાસ્થ્યને પુનઃસ્થાપિત કરવાના હેતુથી એક સંરચિત  પુનર્વસન કાર્યક્રમ વિકસાવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# JITENDRA-WILLIAMS RAJNATH CREW

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ક્રૂ 9 મિશન પૃથ્વી પર સુરક્ષિત પરત ફરવા બદલ નાસાની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ભારતની

પુત્રી સુનિતા વિલિયમ્સ અને તેમના સાથી અવકાશયાત્રીઓએ તેમની દ્રઢતા, સમર્પણ અને અડગતાની પ્રેરણા આપી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુનિતા વિલિયમ્સ અને ક્રૂ ૯ મિશનના પૃથ્વી પર સુરક્ષિત વાપસી માટે અથાક મહેનત કરનારાઓના પ્રયાસોને અવકાશ સંશોધન એ માનવ ક્ષમતાની મર્યાદાઓને આગળ ધપાવવા, સ્વપ્ન જોવાની હિંમત કરવા અને તે સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવાની હિંમત ને અભિનંદન પાઠવીને તેની પ્રશંસા કરી હતી

આ ઉપરાંત સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અને વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે પણ અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે સુનિતા વિલિયમ્સના વતન મહેસાણા ના ઝુલાસણ ગામ માં પણ લોકોએ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ગુજરાતની દીકરી સુનિતા વિલિયમ્સને હેમખેમ પરત ફરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## (BYTE: BHUPENDRA PATEL)

. . . . . . . . . . . . . . . .

## RAISINA-MARGHERITA

ભારતના વિદેશ રાજ્ય મંત્રી પાબિત્રા માર્ગેરિટાએ વૈશ્વિક સહયોગમાં મજબૂત અને સમાન ભાગીદારી બનાવવામાં ગ્લોબલ સાઉથની કેન્દ્રીય ભૂમિકા ભજવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં રાયસીના સંવાદમાં, તેમણે લેટિન

અમેરિકા અને કેરેબિયન દેશો સાથે વેપાર અને રોકાણ વધારવાની નોંધપાત્ર સંભાવના વિશે વાત કરી. તેમણે કહ્યું કે, આ દેશો સાથેના સંબંધોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે અને શિક્ષણ, માહિતી ટેકનોલોજી, દવા અને એન્જિનિયરિંગમાં અર્થપૂર્ણ સહયોગને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

આ ચર્ચાથી ગ્લોબલ સાઉથ દેશોમાં એકતા વધુ મજબૂત થશે. વિદેશ રાજ્યમંત્રીએ જણાવ્યું કે, લેટિન અમેરિકા સાથે ભારતનું જોડાણ સક્રિયપણે વધી રહ્યું છે. તેમણે કહ્યું કે, ગયા વર્ષે બીજા ભારત-કેરિકોમ સમિટ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુયાનાની મુલાકાતથી આપણા સંબંધો વધુ સુપ્રઢ બન્યા છે.

. . . . . . . . . . . . . . . .

# EAM-MEETINGS

વિવધ રાષ્ટ્રોના પ્રતિનિધિઓની વિસ્તૃત અને વિશદ ચર્ચાબાદ આજે રાયસીના ડાયલોગનું સમાપન થશે. આ અગાઉ વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે બ્રિટનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોનાથન પોવેલ સાથે મુલાકાત કરી અને દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક સુરક્ષાના મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

ડૉ. જયશંકરે નેપાળ, થાઈલેન્ડ, લક્ઝમબર્ગ, લાતવિયા અને માલદીવ સહિત વિવિધ દેશોના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી. ડૉ. જયશંકરે માહિતી આપી કે, તેઓ નેપાળના વિદેશ મંત્રી આરઝુ રાણા દેઉબાને મળ્યા હતા અને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહયોગના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી.

તેમના અન્ય કાર્યક્રમોમાં, તેઓ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA) ના ડિરેક્ટર જનરલ રાફેલ મારિયાનો ગ્રોસીને પણ મળ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## SHASHI THAROOR-APOLOGY

કોંગ્રેસ નેતા શશિ થરૂરે સ્વીકાર્યું કે, રશિયા-યુક્રેન યુદ્ધ પર ભારતના વલણનો વિરોધ કરવો એ તેમની ભૂલ હતી. ગઈકાલે નવી દિલ્હીમાં રાયસીના સંવાદમાં, તેમણે કહ્યું, 2022 માં ભારતની તટસ્થ સ્થિતિની ટીકા કરવા બદલ તેમને દુઃખ છે. શ્રી થરૂરે યુક્રેન પર રશિયાના આક્રમણ પર ભારતના વલણની ટીકા કરી હતી.

કોંગ્રેસના સાંસદે કહ્યું કે, દેશમાં ખરેખર એક એવા પ્રધાનમંત્રી છે, જે બે અઠવાડિયાના ગાળામાં યુક્રેન અને રશિયા બંનેના રાષ્ટ્રપ્રમુખઓને ગળે લગાવી શકે છે અને બંને જગ્યાએ સ્વીકાર્ય બને છે.

તેમણે સૂચન કર્યું કે, જો રશિયા અને યુક્રેન યુદ્ધવિરામ માટે સંમત થાય તો ભારત શાંતિ રક્ષકો મોકલવાનું વિચારી શકે છે. રશિયાએ નાટો દેશોના યુરોપિયન શાંતિ રક્ષકોને નકારી કાઢ્યા છે, જેના કારણે ભારત એક સંભવિત વિકલ્પ બની ગયું છે.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# NAGPUR SITUATION

નાગપુરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હવે નિયંત્રણમાં છે. જિલ્લા પોલીસ કમિશનર ડૉ. રવિન્દ્ર સિંઘલે જણાવ્યું કે, સોમવારે રાત્રે થયેલી હિંસાના સંદર્ભમાં અત્યાર સુધીમાં 5 કેસ નોંધાયા છે અને 50 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

જિલ્લા પ્રભારી મંત્રી ચંદ્રશેખર બાવનકુલેએ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. જિલ્લા વહીવટીતંત્ર આગચંપી અને પથ્થરમારાને કારણે મિલકતને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યું છે. શહેરમાં સુમેળ જાળવવા અને સલામતીની ખાતરી કરવા નાગપુર પોલીસે ગઈકાલે રાત્રે સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.

પોલીસ કમિશનર ડૉ. સિંઘલે જણાવ્યું કે, પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી કર્ફ્યુમાં છૂટછાટ આપવાનો નિર્ણય લેવામાં આવશે. અમારા સંવાદદાતાએ માહિતી આપી કે, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 163 હેઠળ, નાગપુર શહેરના 11 વિસ્તારોમાં કોઈપણ પ્રકારના મેળાવડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# REV. NAGPUR - DM - REVIEW

મહારાષ્ટ્રમાં, છત્રપતિ સંભાજીનગરના જિલ્લા મેજિસ્ટ્રેટ દિલીપ સ્વામીએ ખુલ્દાબાદમાં કાયદો, વ્યવસ્થા અને શાંતિ જાળવવા માટે  સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી તેમણે નાગરિકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને સુમેળ જાળવવા માટે વહીવટીતંત્રને સહકાર આપવા વિનંતી કરી હતી

જિલ્લા મેજિસ્ટ્રેટે તમામ અધિકારીઓને સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિઓની તાત્કાલિક પોલીસને જાણ કરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે વિવિધ વિભાગો વચ્ચે સંકલનના મહત્વ પર ભાર મૂક્યો અને નાગરિકોને ફક્ત ચકાસાયેલ માહિતી પર આધાર રાખવા વિનંતી કરી. સોશિયલ મીડિયા પર કોઈ વાંધાજનક સંદેશા મળી આવે તો તાત્કાલિક કાયદા અમલીકરણ એજન્સીઓને ચેતવણી આપવા સૂચનાઓ જારી કરવામાં આવી છે.

ખુલ્તાબાદ તહસીલ કાર્યાલયમાં સમીક્ષા બેઠક દરમિયાન, પોલીસ અધિક્ષક વિનયકુમાર રાઠોડે ઔરંગઝેબના મકબરા અને સમગ્ર પ્રદેશમાં મજબૂત સુરક્ષા પગલાંની જાણકારી આપી હતી.. કોઇ સ્થિતિને પહોંચી વળવા 30 પોલીસ કર્મચારીઓ, વરિષ્ઠ અધિકારીઓ, રાજ્ય અનામત દળના 50 સૈનિકોની ટુકડી અને 80 હોમગાર્ડને આ વિસ્તારમાં તૈનાત કરી દેવાયા છે.

. . . . . . . . . . . . . . . .

# INDIAN-MALDIVES TRADE

ભારત અને માલદીવ વચ્ચે દ્વિપક્ષીય વેપાર ભારતીય રૂપિયા અને માલદીવિયન રુફિયામાં હાલના એશિયન ક્લિયરિંગ યુનિયન મિકેનિઝમ ઉપરાંત મંજૂરી આપવામાં આવશે. માલદીવના મીડિયા અહેવાલોમાં કહેવામાં આવ્યું કે, ભારતીય રિઝર્વ બેંકે સોમવારે આ સંદર્ભમાં એક પરિપત્ર જારી કર્યો છે. આનાથી માલદીવને મદદ મળશે. ભારત માલદીવનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, જેનો દ્વિપક્ષીય વેપાર 548 મિલિયન યુએસ ડોલરથી વધુ છે.

ગયા વર્ષે નવેમ્બરમાં ભારતીય રિઝર્વ બેંક અને માલદીવ્સ મોનેટરી ઓથોરિટી વચ્ચે થયેલા સમજૂતી કરારને અનુસરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કરાર સ્થાનિક ચલણમાં વેપારને સરળ બનાવવા માટે એક માળખું સ્થાપિત કરે છે. માલદીવ મોનેટરી ઓથોરિટીએ કહ્યું કે, આ પહેલ માલદીવ અને ભારત વચ્ચે વેપાર અને નાણાકીય સંબંધો વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

. . . . . . . . . . . . . . . .

# SHAH-CRPF DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કેન્દ્રીય અનામત પોલીસ દળ - CRPF દિવસ પર જવાનોને શુભેચ્છા પાઠવી હતી.

શ્રી શાહે સોશિયલ મીડિયા પર કહ્યું કે, CRPF ને આ દિવસે 1950 માં રાષ્ટ્રપતિનો ધ્વજ એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું, CRPF ની બહાદુરી

અને બલિદાન દેશભક્તોની પેઢીઓને પ્રેરણા આપતા રહેશે. શ્રી શાહે દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપનારા યોદ્ધાઓને પણ શ્રદ્ધાંજલિ આપી.

. . . . . . . . . . . . . . . .

# BALUCHISTAN UNI CLOSED

પાકિસ્તાનના અશાંત બલુચિસ્તાન પ્રાંતની ત્રણ યુનિવર્સિટીઓએ કેમ્પસમાં વર્ગો અનિશ્ચિત સમય માટે બંધ કરી દીધા છે. વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ વર્ગોમાં હાજરી આપવા માટે કહેવામાં આવ્યું છે.

આ ત્રણ શૈક્ષણિક સંસ્થાઓ છે - બલુચિસ્તાન યુનિવર્સિટી, સરદાર બહાદુર ખાન મહિલા યુનિવર્સિટી અને તુર્બત યુનિવર્સિટીમાં ત્રણેયમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવી છે.તાજેતરના હુમલાઓ અને સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# KHELO-INDIA-PARA-GAMES--LAUNCH

ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ - 2025 માટે ગીત, માસ્કોટ અને લોગો ગઈકાલે નવી દિલ્હીમાં લોન્ચ કરવામાં આવ્યા.

આવતીકાલથી નવી દિલ્હીમાં શરૂ થનારો આ રમતોત્સવ 27 માર્ચ સુધી ચાલશે. આ પ્રસંગે બોલતા, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ

માંડવિયાએ જણાવ્યું કે, ખેલો ઇન્ડિયા પહેલે રમતવીરોને એક નોંધપાત્ર મંચ પૂરું પાડ્યું છે, જે વૈશ્વિક સ્તરે દેશની પ્રતિષ્ઠામાં વધારો કરશે. તેમણે પેરા ઈન્ડિયા ગેમ્સના સહભાગીઓને શુભેચ્છાઓ પણ પાઠવી. શ્રી માંડવિયાએ જણાવ્યું કે, ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સમાં 1300 થી વધુ રમતવીરો ભાગ લેશે.

'ફિટ ઇન્ડિયા કાર્નિવલ' પ્રસંગે રજૂ કરાયેલ ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સનો માસ્કોટ-ઉજ્જવલા, દિલ્હીના ગોરૈયાથી પ્રેરિત છે, જે શહેરના ગૌરવ અને લડાયક ભાવનાનું પ્રતીક છે.

. . . . . . . . . . . . . . . .